૧૦ હજાર મીટર અને ૧૫૦૦ મીટર દોડમાં રેકોર્ડ તુટ્યો

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના અગીયોલ નજીક આવેલ ગ્રોમોર કેમ્પસમાં ચાલી રહેલ ત્રિ દિવસીય ૨૪માં ઉત્તર ગુજરાત યુનીવર્સિટી ખેલકૂદ રમતોત્સવમાં શુક્રવારને બીજા દિવસે યોજાયેલી ૧૦હજાર મીટર દોડ અને ૧૫૦૦ મીટર દોડ સ્પર્ધામાં નવો રેકોર્ડ બન્યો હતો. ગ્રોમોર કેમ્પસનો દાન પર બીજા દિવસે સવારે દોડ, ઉંચી કૂદ, ચક ફેંક, ગોળા ફેંક સહીતની ૪૦ વધુ રમતોમાં ૮૦૦ જેટલા ઉત્તર ગુજરાતની વિવિધ કોલેજના ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રથમ ૧૦હજાર મીટરની દોડ સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે આવેલી આર્ટસ કોલેજની બી.એ. ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી શિલ્પા સોલંકીએ ૨૪ વર્ષનો ૫૦.૧૩ સેંકડનો યુનિવર્સિટીનો રેકોર્ડ તોડી ૪૯.૦૩ સેકંડમાં ૧૦ હજાર મીટરની દોડની સ્પર્ધામાં વિજેતા બની હતી. વર્ષ-૨૦૧૧માં પણ શિલ્પાની પિતરાઈ બહેનના નામે જ ૧૦હજાર મીટરનો ૫૦.૧૩ સેકન્ડનો રેકોર્ડ હતો જ્યારે ૧૫૦૦મીટર દોડની સ્પર્ધામાં પાટણ જિલ્લાના હાજીપુર ખાતે આવેલ પી કે કોટાવાલા આર્ટસ કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી નિશા પટેલે પણ યુનિવર્સિટીનો ૧૫૦૦ મીટર દોડનો ૧૦ વર્ષનો જુનો રેકોર્ડ ૫.૪૦ સેકંડનો હતો જે આજે ૫.૫૮ સેકંડમાં ૧૫૦૦મીટરની દોડ પૂર્ણ કરી નિશા પટેલ વિજેતા બની હતી અને નવો રેકોર્ડ બન્યો હતો જે બંને રોકોર્ડ બનાવનાર વિજયનગરની શિલ્પા સોલંકી અને પાટણની નિશા પટેલને ગ્રોમોર કેમ્પસના ભાઈલાલભાઈ પટેલ અને પરિવાર તરફથી ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

પાકિસ્તાન સેનાએ ભારત સરહદ પર શસ્ત્ર વિરામનો ભંગ કરી ભારતના બે સૈનિકોને રહેંશી નાખી કરપીણ હત્યા કરી નાખતા તેના વિરોધમાં શુક્રવારના રોજ સાંજે હિંમતનગરના ટાવરચોક વિસ્તારમાં ભાજપ દ્વારા પાકિસ્તાનના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું.

વિજાપુર ખાતે મહિલા શિવણ તાલિમ વર્ગનો પ્રારંભ

હિંમતનગર, તા.૧૧

મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતે જન શિક્ષણ સંસ્થાન મહેસાણાના સહયોગથી મહિલા શિવણ તાલિમ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન ગત રોજ પૂર્વ ધારાસભ્ય અને જન શિક્ષણ સંસ્થાન ચેરમેન ભરતભાઈ મકવાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થરાદી મેમન એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના ઓફીસ સંચાલક રજીયાખાતુન નુરઅહેમદ મોલવી, સુન્ની જમાન બહાવીરના હોદ્દેદરો તથા સામાજીક કાર્યકરો તથા મહમદભાઈ શેઠ, ઉમરભાઈ વોરા, સિકંદરભાઈ વોરા તથા અન્ય સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

પરસોડા ગામે રૂ. ૩૩ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

હિંમતનગર, તા. ૧૧

માલપુર તાલુકાના પરસોડા ગામે પોલીસે બાતમીના આધારે વિદેશીદારૂનો જથ્થો અને એક મોટરસાઈકલ મળી કુલ ૫૩,૨૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો અને આ મામલે માલપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા માલપુર તાલુકાના પરસોડા ગામે આજે સાંજના સુમારે એક ઈસમ પોતાનું બાઈક નં જીજે-૯-એજે-૨૩૩૬ ઉપર વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે બાતમી સ્થળે વોચ ગોઠવી ઈસમને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી જુદા જુદા માર્કાવાળી ૧૮૦મીલીની ૩૩૨ નંગ બોટલો કિં. રૂ. ૩૨૦૦ તથા મોટરસાયકલ કિં. રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૫૩,૨૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

સાબરકાંઠા જિલ્લાના ૧૨ પેટ્રોલ પંપો પર પુરવઠા તંત્રની તપાસ

૩ પેટ્રોલ પંપનો ૭ લાખનો જથ્થો સીઝ

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના ૧૨ જેટલા પેટ્રોલ પંપો ઉપર જિલ્લા પુરવઠા તંત્ર એ ઓચિંતી તપાસ હાથ ધરતાં પંપના માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તપાસણી દરમિયાન ત્રણ પેટ્રોલ પંપો ઉપર ઘટ જણાતાં તેમની સામે કાર્યવાહી હાથ ધરી રૂ. ૭ લાખનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર જિલ્લા કલેકટર શાહમીનાઝ હુસેનની સીધી સુચના બાદ જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીના માર્ગદર્શન અને રાહબરીમાં ચીફ સપ્લાય ઈન્સ્પેકટર જયંતિભાઈ ચૌહાણ, પુરવઠા નિરિક્ષક આર.એમ. ચાવડા, જે.એન. ઠકકર, યશવંત પરમાર એને મામલતદારોની

અલગ અલગ ટીમો બનાવી જિલ્લાના જુદા જુદા મથકો ઉપર પેટ્રોલ-ડીઝલ પંપોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં ૧૨ સ્થળોએ હાથ ધરવામાંઆવેલ ચકાસણીને પગલે પંપ સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. તપાસણી દરમિયાન હિંમતનગર ખાતે આવેલ જિલ્લા ખરીદ વેચાણ સંઘના પંપ ઉપર ઘટ જણાતાં ૩૬૪૮ લીટર પેટ્રોલ અને ૩૨૬૧ લીટર ડીઝલનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. ઈડરના સોનલ પેટ્રોલીયમનો રૂ. ૧,૯૨,૯૦૬ અને ભિલોડાના શહીદ પેટ્રોલીયમનો રૂ. ૬૬૮૪૩નો પેટ્રોલ-ડીઝલનો જથ્થો સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં લોકોને સરકારના નિયમો અનુસાર રેશનીંગનો જથ્થો નિયમિત અને સરળતાથી મળી રહે તેમજ કાળા બજાર અને સંગ્રાહખોરીને નાથવા જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાની દ્વારા અસરકારક આયોજન ગોઠવવામાં આવ્યું છે.

ડીસા તાલુકાના પમરૂગામ પાસેથી ૧.૪૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા તાલુકા પોલીસે જીપ ચાલક સહીત બે ની કરી ધરપકડ

ડીસા, તા. ૧૧

ડીસા તાલુકા પોલીસે દારૂ વેચાણ કરતાં તત્વો પર કડકાઈએ તવાઈ લાવી છેલ્લા એક માસમાં લાખોનો વિદેશી દારૂ ઝડપી પાડતાં દારૂ વેચાણ કરતાં તત્વોમાં ફફડાટ ફેલાયેલ છે. ત્યારે ગતરાત્રીએ ડીસાના પમરૂગામ નજીકથી વાહન ચકાસણી દરમ્યાન ડીસા તાલુકા પી.એસ.આઈ. એન.જી. સોલંકી અને ટીમે એક જીપની તલાસી લેતા તેમાંથી પરપ્રાંતીય બનાવટનો એક લાખ અડતાલીસ હજારનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જે કામમાં પોલીસે બે શખ્સોની પ્રોહિબીશન એક્ટ તળે ધરપકડ કરી જેલ હવાલે કરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ડીસા તાલુકા પોલીસ સબ ઈન્સ્પેકટર એન.જી. સોલંકી, હેમાભાઈ, ચમનભાઈ સહીતના પોલીસ કર્મીઓ ગતરાત્રીએ વાહન ચકાસણી કરી રહ્યા હતાં. જોકે તે દરમ્યાન ડીસા તાલુકાના પમરૂગામ પાસે એક શકમંદ જીપ નં. જી.જે.૧૮.એ.એ. ૯૫૨૮ને અટકાવી તેની તલાસી લેતાં આ જીપમાંથી પરપ્રાંતીય વિદેશી દારૂની

૭૨૦ વિસ્કી અને બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂની કિંમત રૂા. ૧,૪૮,૦૦૦ તથા ગુનામાં કામે વપરાયેલ જીપની કિંમત રૂા. ૨ લાખ ગણી કુલ રૂા. ૩.૪૮ લાખનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે. આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકના એ.એસ.આઈ. હેમાજીએ સરકાર તરફે આરોપી દેવસીંહ અમરસીંહ બારડ તથા ભરતજી રતનજી ઠાકોર બન્ને રહે. ગામ. તાવડીયા. તા. સીધ્ધપુર વાળાઓ વિરૂધ્ધ પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરેલ છે.

ગાંભોઈ ત્રણ રસ્તા પર અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું મોત

હિંમતનગર તાલુકાના ગાંભોઈ હરસોલ ત્રણ રસ્તા પર એક અજાણ્યા વાહન ચાલકે રાહદારીને જોરદાર ટક્કર મારતા રાહદારીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. હિંમતનગર શામળાજી માર્ગ પર ગાંભોઈ-હરસોલ ત્રણ રસ્તા પર આજે સાંજના સુમારે કોઈ અજાણ્યા વાહન ચાલકે બેદરકારીપૂર્વક પોતાનું વાહન હંકારી રાહદારી વિષ્ણુભાઈ ગણેશભાઈ લીંબાત (ઉ.વ.૨૦)ને અડફેટે લીધો હતો. અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ પર જ કમકમાટીભર્યુકરૂણ મોત નિપજ્યુંહતું. જેબાદ ચાલક પોતાનુંવાહન લઈ ફરાર થઈ ગયો હતો. ગાંભોઈ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તલોદના ગંભીરપુરાની સગીરા સાથે બળાત્કાર કરનાર યુવકને ૧૦ વર્ષની સજા

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ગંભીરપુરા ગામના યુવકે ગામની એક સગીરાને દોઢ વર્ષ પહેલા ગામની સીમમાં જન્માષ્ટમીના મેળામાંથી સગીરાને લઈ જઈ તેની પર બળાત્કાર કરેલ જે અંગેનો કેસ શુક્રવારના રોજ હિંમતનગરની સેસન્સ કોર્ટમાં ચાલી જતા યુવકને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

વિગત મુજબ તલોદના ગંભીરપુરા ગામની સીમમાં આજથી દોઢ વર્ષ પહેલા તા. ૨૨-૮-૨૦૧૧ ના રોજ સવારે ૧૦ વાગેના સુમારે ગામનો યુવક જગતસિંહ સરદારસિંહ પરમારે ગામની એક ૧૨ વર્ષની સગીરાને કહેલ કે ચલ તું મારી સાથે તને ફરવા લઈ જાઉં તને કટલરીની વસ્તુઓ અપાવું તેમ કહી યુવક સગીરાને મેળામાંથી બહાર લઈ જઈને ટ્રકમાં બેસાડી અમદાવાદ સહીત અલગ-અલગ સ્થળે લઈ જઈ યુવકે સગીરાની મરજી વિરૂદ્ધ તેની પર બળાત્કાર કર્યો હતો જે અંગેની ફરિયાદ તલોદ પોલીસમથકે નોંધાઈ હતી. પોલીસે તપાસ પૂર્ણ થતા બળાત્કાર કરનારા યુવકની ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી જે અંગેનો કેસ સાબરકાંઠા જિલ્લા સેસન્સ કોર્ટમાં ચાલી ગયેલ જેમાં જિલ્લા સરકારી વકીલ અરવિંદભાઈ પટેલની ધારદાર દલીલો અને પુરાવાઓ રજુ કરેલ જે કોર્ટના જજશ્રી બી.એન. કારિઆ સાહેબે ધ્યાને લઈને બળાત્કારના આરોપી યુવક જગતસિંહ સરદારસિંહ પરમાર તકસીરવાન ઠરાવીને શુક્રવારના રોજ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨)ના ગુન્હામાં ૧૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૧૦હજારનો દંડ ફટકાર્યો હતો.

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા રોડનું કામ મંદગતિએ

લક્ષ્મીપુરા, તા.૧૧

ખેડબ્રહ્માથી પૂર્વ દિશાનું નાકુ એટલે લક્ષ્મીપુરા ગામ અને પછી અસંખ્ય ગામડાં કંપાઓ, વિજયનગર-રાજસ્થાનમાં જવા માટેનો એક માત્ર ટૂંકો અને સલામત માર્ગ એટલે ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા રોડ, આ રોડ નવિન બનશે ત્યારે ખરો, પણ હાલ તો છેલ્લા ચાર-પાંચ માસથી ગોકળગાયની ગતિએ ચાલતા આ રોડનું કામ કયારે પુર્ણ થશે? તેની સામે સવાલો ઉભા થયા છે. વિધાનસભાની ચૂંટણીઓ પુરી થઈ. લગ્નની સિઝન પણ શરૂ થવામાંછે ત્યારે આ રોડની ડાબી સાઈડ બાજુમાં ખોદી નખાતાં, અને મોટાં મોટાં જે.સી.બી. તથા રોલરો ખડકી દેવાતાં રોડની સિંગલ પટ્ટી થઈ છે અને ગમે ત્યારે ભયંકર અકસ્માત થવાની ભિતી સેવાઈ રહી છે. પૂર્વ પટ્ટાના હજારો રહીશો અત્યારે 'રોડ'ના મામલે હાલાકી ભોગવી રહ્યા છે. રાત-દિવસ ટ્રાફિકથી ધમધમતા આ રોડનું કામ સત્વરે પુરું થાય તેમ આ વિસ્તારના લોકો ઈચ્છી રહ્યા છે. રોડના કામને ગ્રહણ લાગ્યું છે કે શું? તેની ચર્ચાઓ ચાલે છે, છતાં ભવિષ્યમાં અકસ્માત કે જાન હાનિ થાય તે પહેલાં આ રોડનું કામ સત્વરે પૂર્ણ થાય તે લાગતા વળગતાઓએ જોવું રહ્યું.

સ્વામી વિવેકાનંદજીની ૧૫૧માં જન્મદિને શોભાયાત્રાનાં અનેક કાર્યક્રમો

પાલનપુર, તા. ૧૧

યુગદંષ્ટા સ્વામી વિવેકાનંદજીની તા. ૧૨મી જાન્યુઆરીએ ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે દિલ્હી ગેટ સ્થિત પ્રતિમાને સવારે પુષ્પાંજલિ અને દેશભક્તિનાં ગીતોનો કાર્યક્રમ યોજાશે.

બપોરે લક્ષ્મણ ટેકરીથી પ્રસ્થાન શોભાયાત્રાનું થશે. જેમાં વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રોના યુવાનો જોડાશે.

સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી સમિતિનાં જિલ્લા ઈન્ચાર્જ ગણપતભાઈ જોષીએ ઉપરોક્ત માહિતી આપી હતી. વધુમાં જણાવ્યું હતું કે વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રનાં જિલ્લા ચેરમેન રમેશભાઈ પટેલ, મંત્રીશ્રી ગૌરાંગ પાધ્યાના પ્રયાસોથી જિલ્લાની પ્રાથમિક, માધ્યામિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વકૃતત્વ સ્પર્ધા યોજાશે. દરેક શાળા પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતાઓને જિલ્લા કેન્દ્ર દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીએ પ્રમાણપત્રો પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. શહેરીજનોને જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે.

પ્રાંતિજ-તલોદના ધારાસભ્યનો સન્માન સમારંભ યોજાયો

તલોદ, તા.૧૦

તલોદ વેપારી મથકના આનંદ પાર્કમાં શ્રી ગણેશ યુવક મંડળ અને મઠ યુવક મંડળ તેમજ ક્ષત્રિય યુવક મંડળ તરફથી પ્રાંતિજ-તલોદ તાલુકાના નવા વરાયેલા કોંગ્રેસના યુવાન ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયાનો સન્માન અને સત્કાર સમારોહ રંગે ચંગે મસ મોટા ભાઈ-બહેનોની હાજરીમાં ઉત્સાહ અને ઉમંગભેર તા. ૮-૧-૨૦૧૩ના રોજ બપોરના ત્રણ વાગે ઉજવાયો હતો.

આ સમારોહમાં તલોદ નગર પંચાયતના પૂર્વ પ્રમુખ પ્રો. રંગુસિંહ સોલંકી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મંગુભા ઝાલા વિનુભાઈ પટેલ, હરસોલના પૂર્વ સરપંચ રાજુભાઈ રાવલ, પ્રાંતિજ તાલુકા પંચાયતના સદસ્ય બબસિંહ, તાલુકા પંચાયત તલોદ પૂર્વ પ્રમુખ એસ.કે. ઝાલા, તલોદ નગર પંચાયત કોંગ્રેસના સભ્યશ્રીઓ, ગણેશ યુવક મંડળ, મઠ યુવક મંડળ, અને ક્ષત્રિય યુવક મંડળના યુવાન કાર્યકરો, તલોદના વેપારી વરીયાળીવાળા વિનુભાઈ શાહ, દોલતાબાદના કોંગ્રેસના સક્રિય કાર્યકર કાંતિજી સોલંકી તેમજ કોંગ્રેસ મહિલા પ્રમુખ નીતાબેન શાહ તેમજ અન્ય બહેનો અને આગેવાન કાર્યકરો, ગામે ગામથી પધારેલ યુવાનો અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ સમારોહમાં બોલતાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ જણાવ્યું હતું કે તમે મને વિજયી બનાવી ધારાસભ્ય બનાવી તમારું કામ પુરું કર્યું છે હવે જવાબદારી મારી આવી છે. હું ખાત્રી આપું છું કે તમારા પ્રશ્નોનો નિકાલ કરવા હું મારાથી થાય તેટલો પ્રયત્ન જરૂર કરી ઉપયોગી બનીશ. નગર પંચાયતની ચૂંટણી હવે આવી રહી છે ત્યારે મનભેદ ભૂલી, સૌ એક સંપ બની ખભેખભા મિલાવી કોંગ્રેસને જીતાડવામાં મદદ કરશો તો જરૂર નગરપાલિકા કોંગ્રેસની બની જશે.

તલોદમાં એસ.ટી. ડેપો બાબતે પૂછેલા પત્રકાર દશરથભાઈ વણઝારાના પ્રશ્ને તેમણે કહ્યું હતું કે હજુ હમારી કોંગ્રેસના ધારાસભ્યોની શપથવિધિ થઈ નથી અને તે ૧૫મીએ થનાર છે. સરકારી ગ્રાન્ટ મને ૫૦ લાખ રૂપિયા મળનાર છે તે રૂપિયામાં ગામ અને શહેર ઉપયોગી કામો કરીશ. અને એસ.ટી. ડેપો તલોદને જલ્દી મળે તેવા જરૂર પ્રયત્નો હાથ ધરીશ. વિજેતા બનાવવા બદલ યુવાનો અને સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

આ સંમેલનમાં હાજર મંગુભા ઝાલાએ તાલુકા કોંગ્રેસ સમિતિ વતી સૌનો આભાર વ્યકત કરી ચાલીસ થી સો વર્ષમાં શું શું થઈ શકે તેનો દાખલો આપતાં સૌ આનંદીત થયા હતા.

આ તબક્કે વિનુભાઈ પટેલ, એસ.કે. ઝાલા, તલોદ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ પટેલ અને પ્રો. રંગુસિંહે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

પ્રો. રંગુસિંહ સોલંકી અને અન્યએ મહેન્દ્રસિંહ બારૈયાને શ્રીફળ આપી, શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અને તલોદ અને તલોદ કોલેજનું નામ ઉજ્જવળ કરવા બદલ ટીમને અભિનંદન આપ્યા હતા.

સૌ પધારેલા મહેમાનોનું સ્વાગત ફૂલહાર કરી ગણેશ યુવક મંડળ, મઠ યુવક મંડળ અને ક્ષત્રિય યુવક મંડળ તલોદના યુવાન વર્ગે કર્યું હતું.

તલોદ નગર પંચાયત કોંગ્રેસની બને તે માટે સૌએ કામે લાગી જવા કોંગ્રેસના આગેવાનોએ અપીલ કરી હતી.

પાલનપુર નગરપાલિકામાં વિવિધ કમિટિઓની જાહેરાત

વિધાનસભાની ચૂંટણી બાદ આજરોજ પાલનપુર નગરપાલિકાની જનરલ બોર્ડની બેઠક પ્રમુખ હર્ષાબેન મહેશ્વરીના અધ્યક્ષસ્ને મળી હતી. જેમાં મુખ્ય કામગીરીમાં ડિસેમ્બરના પ્રથમ સત્પાહમાં પૂર્ણ થઈ ગયેલ કમિટિના નવા ચેરમેન સભ્યોની વરણી કરવામાં આવી હતી. કારોબારી સમિતિના ચેરમેન તરીકે રંજનબેન પ્રજાપતિ, ટાઉન પ્લાનીંગ સમિતિના ચેરમેન તરીકે ભગવાનભાઈ પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન તરીકે પ્રતાપભાઈ એસ. જાની, પાણી પુરવઠા સમિતિના ચેરમેન ગીતાબેન રાવલ, સેનિટેશન પબ્લીક હેલ્થ કમિટિના ચેરમેન તરીકે અનિલભાઈ ચક્રવર્તી, સ્ટ્રીટલાઈટના ચેરમેન તરીકે ચંપાબેન દેસાઈ, ટ્રાન્સપોર્ટ એન્ડ ગેરેજ સમિતિના ચેરમેન તરીકે નાથીબેન પરમાર, ગુમાસ્તા ધારા સમિતિના ચેરમેન તરીકે

મીતાબેન મોદી, એસ.જે. એસ.આર. વાય.એન.એસ. ડી.પી. સમિતિના ચેરમેન તરીકે વિજયભાઈ જોષી, અપિલ સર્વીસી એન્ડ કન્સલટીંગ સમિતિના ચેરમેન તરીકે ડૉ. બિગેશ નંદા, બાગ-બગીચા સ્પોર્ટસ સમિતિના ચેરમેન તરીકે પાર્થસાર માજીરાણા, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન તરીકે ગીરીશભાઈ પરમાર, ભૂગર્ભ ગટર એન્ડ ડ્રેનેજ સમિતિના ચેરમેન તરીકે દક્ષાબેન લિંબાચીયા, ઉત્સવ સમિતિના ચેરમેન તરીકે દેવેન્દ્રભાઈ રાવલ અને દબાણ સમિતિના ચેરમેન તરીકે અલકાબેન પંચાલ, જ્યારે બાકી રહેલી ત્રણ કમિટિઓ જેવી કે ફૂડ એડલસ્ટ્રેશન, યુ.સી.ડી., ગંદા વસવાટ એમ ત્રણ કમિટિઓની દરખાસ્ત ભાજપ દ્વારા રજૂ ના કરાતા વિપક્ષ દ્વારા ઉપરોક્ત ત્રણ સમિતિ બિન હરિફ બન્યાનું જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૬૨૬૫ ૧૩૬૦૫

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૫૨૮